NAVSARI AGRICULTURAL UNIVERSITY

**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**એરૂ ચાર રસ્તા, નવસારી**

**ડૉ. એમ. એસ.પુરોહીત**
**ઈ/ચા. કુલસચિવ**

**ફોન : ૦૨૬૩૭/૨૮૨૭૭૧ – ૭૫ (એક્ષ.૧૧૩૨)** **ફેકસ : ૦૨૬૩૭–૨૮૩૭૯૪**
E-mail : registrarnau@yahoo.co.in M.No. 9825136793

બિડાણ : ઉપસચિવશ્રી (કૃષિ યુનિ.), કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના તા. ૧૬.૭.૨૦૧૨ના ઠરાવ ક્રમાંક ગકવ-૧૪૨૦૧૦-૩૧૮૮-ક.૨

વિષય : રાજયની ચારેય કૃષિ યુનિવસિટીમાં વિવિધ સંવર્ગોમાં ફરજ બજાવતા કર્મચારી/ અધિકારીઓને અગિમ ઇજાફા આપવા બાબત.

---

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧-૧/ *૧૩૪૯૧-૫૪૦*/૨૦૧૨ તા. ૨૦.૭.૨૦૧૨

<u>નકલ સવિનય રવાના</u>

૧. અત્રેની યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
૨. અત્રેની યુનિવર્સિટીના તમામ ડીનશ્રીઓ તરફ જાણ સારૂ.
૩. યુનિટ/સબયુનિટના અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

<u>નકલ રવાના:</u>

૧. અત્રેની કચેરીની તમામ શાખાઓ તરફ
૨ રહસ્ય સચિવશ્રી (કુલપતિશ્રી/કુલસચિવશ્રી)
૩. આદેશ ફાઇલ

(signature)
કુલસચિવ

D:\bgohil711\endosment.doc

**રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીમાં વિવિધ સંવર્ગોમાં ફરજો બજાવતાં કર્મચારી / અધિકારીઓને અગ્રિમ ઈજાફા આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
**કૃષિ અને સહકાર વિભાગ**
**ઠરાવ ક્રમાંક: ગકવ-૧૪૨૦૧૦-૩૧૮૮--ક.૨**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખ:- 16 JUL 2012**

**વંચાણમાં લીધા :-**

૧. નાણા વિભાગના તા.૨૬.૪.૨000 ના ઠરાવ ક્રમાંક:- પગર-૧૦૨૦૦૦-૮૯૧-ચ.
૨. કૃષિ અને સહકાર વિભાગનો તા.૭.૬.૨૦૧૧ નો સરખા ક્રમાંકનો પત્ર.
૩. કૃષિ અને સહકાર વિભાગનો તા.૧.૧૦.૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક:-જીકેવી-૧૦૯૯-૭.૬-ક.૨
૪. ભારત સરકારના કૃષિ મંત્રાલયના કૃષિ સંશોધન અને વિસ્તરણ શિક્ષણ વિભાગના તા.૩.૩.૧૯૯૯ ના પત્રક્રમાંક:- F.No.1 (15) 98-Per-IV.

**આ મુ ખ:-**

ભારત સરકારની તા.૩.૩.૧૯૯૯ ની ગાઈડલાઈન મુજબ Ph.D. / M.Phil. ની લાયકાત ધરાવનારને અગ્રિમ ઈજાફાની જોગવાઈ કરવામાં આવેલ હતી. રાજ્ય સરકાર દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક:-(૩) આગળ દર્શાવેલ તા.૧.૧૦.૧૯૯૯ ના ઠરાવથી કેરીયર એડવાન્સમેન્ટ તેમજ ઈન્સેટીવ તરીકે અગ્રિમ ઈજાફાઓ આપવાની જોગવાઈ થયેલ હતી. પરંતુ, નાણાં વિભાગ દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક:-(૧) આગળ દર્શાવેલ તા.૨૬.૪.૨000 ના ઠરાવથી જુદા-જુદા વહીવટી વિભાગો દ્વારા તેમના તાબા હેઠળનાં સંવર્ગો માટે બહાર પાડવામાં આવેલ અગ્રિમ ઈજાફાના હુકમો તા.૨૬.૪.૨000 બાદ રદ્દ કરવામાં આવેલ છે. પરંતુ, રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા અગ્રિમ ઈજાફાઓ આપવાનું ચાલુ રાખવામાં આવેલ હતું. આથી, તા.૨૬.૪.૨000 પછી કોઈપણ કર્મચારીને આવા અગ્રિમ ઈજાફાઓ આપવામાં આવેલ હોય તો તે મુજબ ચારેય કૃષિ યુનિવર્સિટીઓએ અગ્રિમ ઈજાફાએ રદ્દ કરી નાણા વિભાગના પ્રસ્તુત ઠરાવનો અમલ નહીં કરવાનાં કારણે જો કોઈ ચૂકવણું કરવામાં આવેલ હોય તો તેની વસુલાત કરી સરકારશ્રીને જાણ કરવા વિભાગના વંચાણે લીધા ક્રમાંક:-(૨) તા.૭.૬.૨૦૧૧ ના પરિપત્રથી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી. આ પરિપત્ર સંદર્ભે નીચેની વિગતે સ્પષ્ટતાઓ કરવામાં આવે છે અને રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓએ તેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(પાછળ...)

## ઠ રા વ:-

આથી પુખ્ત વિચારણાને અંતે રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં જે કર્મચારી / અધિકારીઓ તા.૨૯.૪.૨૦૦૦ પહેલાં નિમણૂક પામેલ હોય તેમને ચૂકવવામાં આવતા અગ્રિમ ઈજાફા ચાલુ રાખવા અને ભવિષ્યમાં પણ તેની અસર ચાલુ રાખવાની રહેશે. પરંતુ, તા.૨૯.૪.૨૦૦૦ બાદ નિમણૂક અપાયેલ હોય અને શરતચૂકથી પરિપત્રનું ખોટું અર્થઘટન કરી અગ્રિમ ઈજાફા ચૂકવાયેલ હોય તેવા તમામ કેસોમાં અગ્રિમ ઈજાફા પરત મેળવવાનાં રહેશે. એટલે કે તા.૨૯.૪.૨૦૦૦ પહેલાં નિમણૂક પામેલ કર્મચારી / અધિકારીઓને અગ્રિમ ઈજાફા આપવાનાં રહેશે અને તા.૨૯.૪.૨૦૦૦ બાદ નિમણૂક પામેલ કોઈપણ કર્મચારી / અધિકારીને અગ્રિમ ઈજાફા મળવાપાત્ર નથી તેવું ઠરાવવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સમાનક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૭.૧.૨૦૧૨ ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(એસ.કે.પટેલ)
ઉપ સચિવ (કૃ.યુ.)
કૃષિ અને સહકાર વિભાગ

પ્રતિ,

- કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
- કુલસચિવશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ.
- કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
- કુલસચિવશ્રી, સરદારકૃષિનગર-દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર-દાંતીવાડા.
- સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ,કૃષિભવન,સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ, સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓની કચેરીઓ.
- સર્વે માન્ય કર્મચારી / અધિકારીઓના મંડળો (મારફત સંબંધિત કૃષિ યુનિવર્સિટી)
- સેક્શન અધિકારીશ્રી(આઇ.ટી.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી(આઇ.ટી.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર (સદર પરિપત્રની નકલ વિભાગની વેબ સાઈટ ઉપર મૂકવા વિનંતી છે)
- સીલેક્ટ ફાઈલ.
- શાખા કલેક્શન, ક-૨ શાખા, કૃષિ અને સહકાર વિભાગ.